# ભાવનગરના નવાબંદર ખાતે વિશ્વના પ્રથમ સીએનજી ટર્મિનલનું નિર્માણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના નવાબંદર ખાતે આવનારા સમયમાં વિશ્વનું સૌ પ્રથમ સીએનજી ટર્મિનલ આકાર લેવા જઇ રહ્યું છે. ૧૯૦૦ કરોડના આ સંપૂર્ણ પ્રોજેકટમાં પ્રથમ તબક્કે ૬૫૦ કરોડના ખર્ચે કામગીરી હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત આ વર્ષના અંત સુધીમાં કરવામાં આવશે, અને આ પ્રોજેક્ટના અમલીકરણ બાદ ભાવનગર જિલ્લાની કાયાપલટ પણ થશે, તેમ માનવામાં આવે છે. આ સીએનજી ટર્મિનલ સ્થાપવા ભાવનગર પોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લી. નામની પેઢીની પણ સ્થાપના કરવામાં આવી છે. આ પોર્ટ ઉત્તર ભારત અને મધ્ય ભારતનું સૌથી નજીકનું બંદર છે, ઉપરાંત ધોલેરા સરથી પણ નજીક હોય તમામ દ્રષ્ટિએ આ ટર્મિનલ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકે છે.



ભાવનગરનો જ્યારે જ્યારે સમુદ્રી વિકાસ થયો છે, ત્યારે ત્યારે ભાવનગર જિલ્લાના વિકાસના દ્વાર ખૂલતા ગયા છે, તેમ જ લાંબા ગાળાની આર્થિક સમૃદ્ધિ આવી છે. અલંગ શિપ રિસાઈકલિંગ ઉદ્યોગ ભાવનગર જિલ્લામાં આર્થિક સમૃદ્ધિ લાવ્યું છે ત્યારે હવે ભાવનગરના નવાબંદર ખાતે દુનિયાનું સૌથી પહેલું સીએનજી ટર્મિનલ બનવા જઈ રહ્યું છે, તેમજ એ માટેનાં તમામ પરીક્ષણો પણ પૂર્ણ થઈ ચૂક્યાં છે ત્યારે આ વર્ષના અંત સુધીમાં પ્રોજેક્ટના ખાતમૂહૂર્તની તૈયારીઓ પણ શરુ કરી દેવામાં આવી છે. સીએનજી ટર્મિનલ માટે લંડનના ફોરસાઈટ ગ્રુપ, મુંબઈના પદ્મનાભ મફતલાલ ગ્રુપ અને નેધરલેન્ડના રોયલ બોસ્કાલિસ ગ્રુપ દ્વારા ભાવનગર ખાતે વિશ્વનું સૌ પ્રથમ સીએનજી ટર્મિનલ સ્થાપવા ભાવનગર પોર્ટ ઈન્ફાસ્ટ્રક્ટર પ્રાઈવેટ લિમિટેડ નામની પેઢીની સ્થાપના કરી દેવામાં આવી છે. જેમાં ભાવનગરના નવાબંદરના નોર્થક્વે વિસ્તારમાં મલ્ટિફંક્શનલ પોર્ટ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટે ગુજરાત સરકાર દ્વારા લેટર ઓફ ઇન્ટરનેટ પણ આપી દેવામાં આવ્યો છે, સાથે ડીટેઇલ પ્રોજેક્ટ રિપોર્ટ ૧ ની પ્રક્રિયા હાલ શરૂ કરી દેવામાં આવી છે. સીએનજી ટર્મિનલની કામગીરી શરૂ કરવા પૂર્વે અનેક પ્રકારના અભ્યાસ કરવામાં આવી રહ્યા છે. જે માટે ટૂંક સમય પહેલા દરિયાની ભરતી અને મોજા અંગે ટેક્નિકલ સર્વે કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત વર્ષ ૨૦૨૨ના અંત સુધીમાં થઈ જવાની પૂરેપૂરી શકયતા જોવાઈ રહી છે. કુલ ૧૯૦૦ કરોડ રૂપિયાનો સીએનજી ટર્મિનલ પ્રોજેક્ટ છે, જે પૈકી પ્રથમ તબક્કામાં ૬૫૦ કરોડ રુપિયાના કામ હાથ ધરવામાં આવશે, ભાવનગરના નવાબંદર ખાતે પાણી અને વીજળી ઉપલબ્ધ છે.

ગુજરાત સરકાર અને ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા ખાનગી કંપનીના માધ્યમથી સૌપ્રથમ બ્રાઉન ફિલ્ડ પોર્ટનું આયોજન ભાવનગર ખાતે હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ પ્રોજેક્ટ શરૂ થતાં તેને સંલગ્ન અનેક વેપાર ઉદ્યોગો ભાવનગરમાં કાર્યરત થશે, જેના કારણે હજારો લોકોને રોજગારીની નવી તકો ઉપલબ્ધ થશે. ભાવનગરના વિકાસ માટે આ પ્રોજેક્ટ અગત્યનો છે, કારણ કે સમગ્ર વિશ્વમાં સીએનજીનો ઇંધણ તરીકે વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અને સીએનજીની આયાત કરવા માટે પોર્ટની ખૂબ જરૂરિયાત રહે છે. જેમાં સમગ્ર ઉત્તર ભારત અને મધ્ય ભારતનું સૌથી નજીકનું બંદર ભાવનગર છે. ■

# નેવી ઈન્ટેલિજન્સ અને એસઓજીને મોટા પીર બેટ પાસેથી ચરસના બે બિનવારસ પેકેટ મળી આવ્યાં : સર્ચ ઓપરેશન જારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી કચ્છના સમુદ્રકાંઠે સામે પારથી ઠલવાઇ રહેલા કેફી દ્રવ્યો પકડાવાનો છેલ્લાં અઢી વર્ષથી ચાલી રહેલો સિલસિલો જારી રહ્યો હોય તેમ વધુ બે ચરસના બિનવારસ પેકેટ મળી આવ્યાં છે. શુક્રવારની સવારે પેટ્રોલિંગ કરતી વખતે કચ્છની ભારત-પાકિસ્તાન વચ્ચેની આંતરરાષ્ટ્રીય સમુદ્રી સીમા પાસેના મોટા પીર બેટ પાસેથી ચરસના બે પેકેટ મળ્યાં હતાં.

આ અંગે મળી રહેલી સત્તાવાર માહિતી અનુસાર, નેવી ઈન્ટેલિજન્સ અને ભુજ સ્પેશિયલ ઓપરેશનની ટુકડી સમુદ્રી સીમામાં સંયુક્ત પેટ્રોલિંગમાં હતી ત્યારે આ ચરસના પેકેટ મળી આવ્યાં હતાં. અગાઉ મળી આવતા પેકેટ જેવા જ આ બે પેકેટ દરિયાના કિનારા પર જોવા મળ્યાં હતાં.

ચરસના પેકેટને નુકસાન ન થાય તે માટે તેને વોટર પ્રૂફ પેકિંગમાં પેકે કરવામાં આવે છે. ૧૧૦૦ ગ્રામની ક્ષમતાવાળા મળી આવેલા બે પેકેટને કબ્જે કરી આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. અવાર નવાર એક જ બ્રાન્ડના અને એક જ પેકિંગવાળા ચરસના પેકેટ મળી આવતા હોવાથી દરિયામાં મોટો જથ્થો ધરબાયેલ હોવાની શકયતા નકારી શકાય નહીં.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાન તરફથી આ ડ્રગ્સનો જથ્થો ભારતમાં સપ્લાય કરવામાં આવે છે. તાજેતરમાં પાકિસ્તાન તરફથી આવેલ અલ્હઝ બોટમાં સવાર ૯ પાકિસ્તાનીઓને ૨૮૦ કરોડના ડ્રગ્સ સાથે પકડી પણ લેવાયા હતા, જે અગાઉ એક વર્ષના ટૂંકાગાળામાં છૂટક - છૂટક તણાઈને આવેલાં ૧૫૦૦ જેટલાં પેકેટ દરિયા કાંઠેથી મળી આવ્યાં છે તેમ જ તાજેતરમાં એપ્રિલ મહિનાથી ફરી જે બિનવારસ ડ્રગ્સ પકડાવવાની સીઝન ખુલ્લી છે તેમાં પણ અંદાજે ૧૦૦ જેટલાં પેકેટ અત્યાર સુધી મળી આવ્યાં છે, પરંતુ મહત્ત્વની બાબત એ છે કે, ડ્રગ્સનો ટ્રાન્ઝીટ પોઈન્ટ બની ગયેલા કચ્છ કાંઠેથી ડ્રગ પેડેલરો ઝડપાય છે, પરંતુ ડ્રગ્સ મોકલનાર મુખ્ય સૂત્રધારો એક પણ એજન્સીઓની ગિરફતમાં આવ્યો નથી. અગાઉ ગત વર્ષે પોલીસ વડા સૌરભ તોલંબિયા દ્વારા દરિયાઈ વિસ્તારમાં તમામ એજન્સીઓની ડ્રાઈવ યોજીને ડ્રગ્સના પેકેટ શોધવામાં આવ્યાં હતાં. હવે જ્યારે ફરીથી અવાર નવાર એક જ બ્રાન્ડના લાલ અને જાંબલી કલરવાળા તેમજ સ્ટારબક્સના પેકિંગવાળા ડ્રગ્સના પેકેટ મળી રહ્યાં છે ત્યારે મૂળ સુધી પહોંચવા માટે દરિયા કિનારે ડ્રાઈવ યોજવી અત્યંત જરૂરી બની છે. આ ડ્રગ્સના એક પેકેટની કિંમત આંતરરાષ્ટ્રીય માર્કેટમાં એકથી દોઢ લાખ આંકવામાં આવી છે. ■

# ગુજરાતમાં ફરી હિટવેવની શક્યતા, અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ રાજ્યમાં આગામી બે દિવસ સૌરાષ્ટ્ર- કચ્છમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ અને ગાંધીનગરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તો પાટણ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી અને કચ્છમાં પણ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. બે દિવસ બાદ ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટશે, તેવી સંભાવના હવામાન ખાતાના સૂત્રોએ દર્શાવી હતી.

રાજ્યમાં કાળઝાળ ગરમી યથાવત્ છે. પાંચ શહેરમાં ૪૩ ડિગ્રીથી વધારે તાપમાન નોંધાયું હતું. બે દિવસ કાળઝાળ ગરમીને પગલે અમદાવાદમાં રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે ગાંધીનગર,પાટણ, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી અને કચ્છમાં પણ આજે યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જો કે ૨૪ કલાક બાદના ત્રણ દિવસ ગરમીનો પારો બેથી ત્રણ ડિગ્રી ઘટવાની શકયતા છે. શુક્રવારે નોંધાયેલા ગરમીના આંકડાની વાત કરીએ તો ૪૪.૩ ડિગ્રી સાથે સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. જ્યારે અમરેલીમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. રાજકોટમાં ગરમીનો પારો ૪૩.૪ ડિગ્રી પર પહોંચ્યો હતો. તો અમદાવાદમાં ગરમીનો પારો ૪૩.૩ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. કંડલા એરપોર્ટ પર ગરમીનો પારો ૪૩ ડિગ્રી પર પહોંચ્યો હતો. જ્યારે વલ્લભવિદ્યાનગરમાં ગરમીનો પારો ૪૨.૩ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી પર પહોંચ્યો હતો. વડોદરામાં ગરમીનો પારો ૪૧.૬ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. જ્યારે ડિસામાં ગરમીનો પારો ૪૧.૨ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. ભુજમાં ગરમીનું તાપમાન ૪૦.૯ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભાવનગરમાં ગરમીનો પારો ૪૦.૨ ડિગ્રી સુધી પહોંચ્યો હતો.

અમદાવાદમાં વહેલી સવારથી ગરમીનું વર્ચસ્વ રહે છે અને રાત્રે પણ ગરમ પવન ફૂંકાય છે. શહેરમાં વાતાવરણની ગરમી ઉપરાંત પ્રદૂષણને લીધે પણ ગરમીનો પારો ઊંચો જાય છે. ■

# અમદાવાદની ૪૦૦થી વધુ હૉસ્પિટલ અને નર્સિંગ હોમના ડૉક્ટરો રસ્તા પર ઊતર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ફોર્મ સી અને બીયુ પરમિશન મામલે અમદાવાદની ૪૦૦થી વધુ હૉસ્પિટલો અને નર્સિંગ હોમ સંચાલકો બે દિવસની હડતાળ પર ઉતરતા શનિવાર અને રવિવારે અમદાવાદની તમામ હૉસ્પિટલો અને નર્સિંગ હોમ નિયમિત પ્રવેશ, ઓ.પી.ડી. સેવાઓ અને પ્લાન કરેલી સર્જરીની કાર્યવાહી બંધ રહેશે. અમદાવાદમાં વલ્લભ સદન-આશ્રમ રોડ ખાતેથી એક વિશાળ રેલી યોજી ધરણાં પર બેઠા હતા. જેમાં મોટી સંખ્યામાં શહેરના ડૉક્ટરો જોડાયા હતા. હડતાળના કારણે બહાર ગામથી સારવાર અર્થે આવેલા દર્દીઓની હાલત કફોડી બની હતી.



સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદની ખાનગી હૉસ્પિટલના સંચાલકો અને તબીબોએ શનિવારે વલ્લભ સદન-આશ્રમ રોડ ખાતેથી એક વિશાળ રેલી યોજી ધરણાં પર બેસી રામધૂન બોલાવી પોતાનો રોષ પ્રગટ કર્યો હતો. જેમાં ડૉક્ટરો, હૉસ્પિટલોના કર્મચારીઓ, દર્દીઓ, સંબંધીઓ અને શુભેચ્છકો મોટી સંખ્યામાં જોડાયા હતા. તા.૧૫મી મે, રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેના દ્વારા અમે સત્તાધીશોને સંદેશો પાઠવવા ઈચ્છીએ છીએ કે આટલા અવરોધો છતાં અમે અમારું ઉમદા કાર્ય ચાલુ રાખીએ છીએ. સત્તાધીશોને અનેકવાર આ પ્રશ્નો મુદ્દે રજૂઆત કરવા છતાં સળગતી સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. શહેરમાં ૧૯૪૯થી ૨૦૨૧ સુધી તમામ હૉસ્પિટલો અને નર્સિંગ હોમ્સ બોમ્બે નર્સિંગ હોમ્સ રજિસ્ટ્રેશન એક્ટ ૧૯૪૯ હેઠળ હૉસ્પિટલોની નોંધણી માટે જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા છે. અત્યાર સુધી હૉસ્પિટલો અને નર્સિંગ હોમ્સ કોઈ પણ પ્રકારની સમસ્યા વિના નોંધણી કરવામાં આવી છે. પરંતુ ઑક્ટોબર ૨૦૨૧થી, અમદાવાદ મનપા આ અધિનિયમ હેઠળ નોંધણી માટે વેલિડ બિલ્ડિંગ યુઝ પરવાનગીની માગ કરવાનું શરૂ કર્યું, જેના કારણે તેઓ વિરોધ નોંધાવી રહ્યા છે. ■

# કચ્છની દૂધઈ પેટા શાખા નહેરનું વધુ ૪૫ કિ.મી. વિસ્તરણ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત રાજ્ય સરકારે રૂપિયા ૧૫૫૦ કરોડના અંદાજિત ખર્ચે આ કામગીરી હાથ ધરી અંજાર અને ભુજ તાલુકાના વધુ ૧૩,૧૭૫ એકર વિસ્તારને સિંચાઈ માટે નર્મદા જળ આપવાનો નિર્ણય શનિવારે જાહેર કર્યો હતો. આ નિર્ણયના અમલ સાથે જ ભુજ-અંજારના લોકોની લોકમાગણીનો સુખદ અંત આવશે, તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. કચ્છ વિસ્તારને નર્મદા યોજનાના પાણી પૂરા પાડતી નર્મદા યોજનાની કચ્છ શાખા નહેરમાંથી નીકળતી દૂધઈ પેટા શાખા નહેરને ઓપન કેનાલ તરીકે વધુ ૪૫ કિલોમીટર લંબાવવામાં આવશે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં મળેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં આ નિર્ણય કરાયો હોવાનું માહિતી ખાતાએ જણાવ્યું હતું. આ કેનાલ શાખા નહેરનું દૂધઈથી કુનારિયા સુધી એટલે કે વધુ ૪૫ કિલોમીટર વિસ્તરણ થવાના પરિણામે અંજાર તેમજ ભુજ તાલુકાના ખેડૂતો અને લોકોની માગણીનો સુખદ અંત આવશે. પટેલે આ વધારાની ૪૫ કિ.મી. લંબાઈમાં ૧૭૬ જેટલા મોટા સ્ટ્રક્ચર્સનું પણ બાંધકામ કરવાનો અને દૂધઈ પેટા શાખા ઉપરાંત તેના વિસ્તરણ માળખાના કામો પણ સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા અમલવારી કરવાના આદેશો આ બેઠકમાં આપ્યા હતા. અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, હાલમાં દૂધઈ પેટા શાખા નહેરના ભચાઉથી દૂધઈ સુધીના ૨૩.૦૨૫ કિલોમીટર લંબાઈનાં કામો તથા તેના વિસ્તરણ માળખાનાં કામો પૂર્ણ થઈ ગયાં છે. હવે, આ નહેરને ભુજ તાલુકાના કુનારિયા સુધી લંબાવાતા અંજાર તેમજ ભુજ તાલુકાના વધારાના ૧૩,૧૭૫ એકર વિસ્તારને સિંચાઈ માટે નર્મદા જળ મળતાં થશે તેમજ પશુધનને પીવાના પાણી તથા ઘાસચારાની સમસ્યા દૂર થશે.

પટેલ સમક્ષ અંજાર અને ભુજ તાલુકાના ખેડૂતો, અગ્રણીઓ, પદાધિકારીઓ વગેરેએ કરેલી રજૂઆતનો સાનુકૂળ પ્રતિસાદ આપતા તેમણે આ મહત્ત્વનો નિર્ણય કર્યો છે. આ નહેર પૂર્ણ થતાં નર્મદામાં પૂર વખતે ઉપલબ્ધ થતાં વધારાના પાણીમાંથી કચ્છને જે ૧ મિલિયન એકર ફૂટ પાણી ફાળવાયેલ છે તેના ભાગરૂપે રુદ્રમાતા ડેમમાં નર્મદાના પાણીનો સંગ્રહ થઈ શકશે. મુખ્ય પ્રધાને અંદાજીત રૂા. ૧૫૫૦ કરોડના ખર્ચે હાથ ધરાનારી આ દૂધઈ પેટા શાખા નહેરની તથા તેની વિસ્તરણ માળખાની નહેરોના બાંધકામ માટે ટેન્ડર પ્રક્રિયા સત્વરે હાથ ધરવા પણ બેઠકમાં સૂચનાઓ આપી હતી. ■



**ચટાકોઃ** આખી થાળી પિરસાયેલી હોવા છતાં જો તેમાં અથાણું ન હોય તો ગુજરાતીઓને મજા ન પડે. આખા વર્ષનું અથાણું કરવા માટે બજારમાં કેરી આવી ગઈ છે અને મહિલાઓ ભીડ જમાવી રહી છે. (જનક પટેલ) ■



**તાપ અને તાપણુંઃ** ગુજરાતમાં રેકોર્ડબ્રેક ગરમી પડી રહી છે ત્યારે બીજી તરફ ગેસ સિલિન્ડર સહિત તમામ ચીજો પર ભાવવધારો ઝીંકાયો છે ત્યારે એક તો તાપ અને બીજું તાપણું બન્ને દેશની પ્રજાને રિબાવી રહ્યું છે. રાંધણગેસ પર ઝીંકાયેલા ભાવવધારા વિરોધમાં ભાવનગર કૉંગ્રેસે દેખાવો કર્યા હતા. (વિપુલ હિરાણી) ■

# પાણીની સમસ્યાઃ વડોદરાના ફતેપુરા પાંજરીગર મહોલ્લામાં દૂષિત પાણી

## મહિલાઓએ થાળી વગાડી તંત્રની આંખો ખોલવાનો પ્રયાસ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેરના ફતેપુરા પાંજરીગર મહોલ્લામાં લોકોને છેલ્લા ૧૫ દિવસથી દુર્ગંધ મારતું કાળા કલરનું પાણી મળતું હોવાના આક્ષેપ સાથે સ્થાનિક મહિલાઓએ આક્રોશ સાથે થાળી વગાડી નિંદ્રાધીન તંત્રની આંખો ખોલવાનો પ્રયાસ કર્યો હતો. વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં મહિલાઓ એકઠી થઈ હતી. વડોદરા શહેરમાં અધિકારીઓ અને પદાધિકારીઓના પાપે વર્ષોથી પીવાના પાણીની સમસ્યા સ્થાનિક લોકો ભોગવી રહ્યા છે. શહેરમાં શુદ્ધ પાણીનો સ્રોત વિકસાવવામાં તંત્ર ધરાર નિષ્ફળ ગયું છે. હાલ વડોદરા શહેરમાં ઠેર-ઠેર પીવાના પાણીનો કકળાટ છે. ઘણી જગ્યાએ પાણી ઓછા પ્રેશરથી મળે છે . તો ઘણી જગ્યાએ દૂષિત પાણી મળે છે. જેના કારણે દિનપ્રતિદિન નાગરિકોમાં આક્રોશ તથા કોર્પોરેશનની કચેરી ખાતે મોરચા નજરે ચડે છે. આ પરિસ્થિતિ વચ્ચે એક તરફ અધિકારીઓ પદાધિકારીઓ ક્રિકેટ રમવા નીકળી જાય છે. તો બીજી તરફ વડોદરાને સ્માર્ટ સિટીના અનેક એવોર્ડ પ્રાપ્ત થઈ રહ્યા છે. વાસ્તવમાં હજુ પણ શહેરમાં ઠેર ઠેર સમસ્યાઓની ભરમાર છે. તેવામાં ફતેપુરા વિસ્તારના પાંજરીગર મોહલ્લામાં છેલ્લા ૧૫ દિવસથી પીવાનું પાણી દૂષિત મળતા સ્થાનિકોમાં રોષ ભભૂકી ઊઠ્યો હતો. અને વેલણથી થાળી વગાડી નિંદ્રાધીન તંત્રની આંખો ખોલવાનો પ્રયાસ કર્યો હતો.

વડોદરા મનપાના વિરોધ પક્ષના નેતાએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૫ દિવસથી ઓછા પ્રમાણમાં દૂષિત પાણી શહેરીજનોને મળી રહ્યું છે, મોંઘવારીના સમયમાં પાણી વેચાણથી ખરીદવું પોસાય તેમ નથી. ■


મુંબઈ સમાચાર

કલાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૨ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

કલાસિફાઈડ રેટકાર્ડ

ડેઈલી અને વીકલી

ખાસ નોંધઃ તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| કલાસિફાઈડ ડિસ્પલે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| કલાસિફાઈડ ડિસ્પલે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

કલાસિક બોનાન્ઝા સ્કીમ કલાસિફાઈડ અને કલાસિફાઈડ ડિસ્પ્લે માટે ૧લી મે, ૨૦૨૨ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૩ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# વરસાણા ત્રણ રસ્તેથી સાડા ત્રણ કિલો ગાંજા સાથે ત્રિપુરાનો શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ માદક પદાર્થોના સેવન, હેરફેર અને ગેરકાયદે વેપારની પ્રવૃત્તિને જડમૂળથી ડામવા ગુજરાતના ત્રાસવાદ વિરોધી દળના અધિક પોલીસ મહાનિર્દેશક દ્વારા અપાયેલી સૂચના અન્વયે પૂર્વ કચ્છની સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા અંજાર તાલુકાના વરસાણા ગામના ત્રણ રસ્તા પર આવેલી એક દુકાન પર છાપો મારીને સાડા ત્રણ કિલો ગાંજા સાથે મૂળ ત્રિપુરાના શખસને ઝડપી પાડ્યો છે.

પૂર્વ કચ્છ એસઓજી દ્વારા અપાયેલી વિગતો અનુસાર, ગુજરાત એટીએસની સૂચનાથી સરહદી રેન્જ આઈજી જે.આર. મોથાલીયા, પૂર્વ કચ્છ એસપી મહેન્દ્ર બગડીયાના માર્ગદર્શન તળે સ્પેશ્યલ ડ્રાઈવ અંતર્ગત મળેલી પૂર્વ બાતમીના આધારે વરસાણા ત્રણ રસ્તા પાસે એક પંટ્રોલપંપ નજીક ત્રિપુરેશ્વરી પ્રોવિઝન સ્ટોર નામની દુકાનમાં અમીરહુશેન અલીહુશેન નામના મૂળ ત્રિપુરાના શખસને ગાંજાનું વેચાણ કરતો રંગેહાથ ઝડપી લેવાયો હતો અને તેની પાસેથી ૩૫૩૮૦ના મૂલ્યનો ૩.૫૩૮ કિલોનો ગાંજો ઉપરાંત ઈલેક્ટ્રીક વજન કાંટો, સ્માર્ટફોન,રોકડા રૂપિયા ૧૭૦૦, પ્લાસ્ટિકની ૯૦ કોથડી, આધારકાર્ડ સહિત કુલ ૪૧,૦૮૦નો મુદ્દામાલ કબ્જે લઈ અંજાર પોલીસના હવાલે કર્યો હતો. ■

# અમદાવાદમાં ટ્રાફિક પોલીસે એક સપ્તાહમાં ₹. નવ લાખનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા ગત તા.૬ઠ્ઠી મેથી તા.૧૨મી મે સુધી ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટ્રાફિક પોલીસ દ્વારા ૧૭૮૦ જેટલા વાહનચાલકો પાસેથી કુલ. રૂ.૯.૬૪ લાખ દંડ વસૂલ કરાયો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં કારમાં બ્લેક ફિલ્મ અને ટુ-વ્હિલરમાં સાયલેન્સર કે મોડીફાયર કરનાર વાહનચાલકો સામે શહેર ટ્રાફિક પોલીસે તા.૬ઠ્ઠી મેથી તા. ૧૨મી મે સુધી એક સપ્તાહની ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કર્યું હતું. જેમાં એક સપ્તાહથી ચાલતી ટ્રાફિક ડ્રાઈવમાં પોલીસે ૧૭૮૦ જેટલા વાહનચાલકો પાસેથી રુ.૯.૬૪ લાખ જેટલી રકમનો દંડ વસૂલ્યો હતો. કુલ સાત દિવસ ચાલેલી આ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન કાર પર બ્લેક ફિલ્મ લગાડનાર વાહનના ૧૬૧૭ કેસ નોંધાયા હતા. જેમાં કારચાલકોને રૂા. ૮.૩૦ લાખનો દંડ કર્યો હતો. તો સૌથી વધુ ૪૬૧ કેસ નોંધાયા હતા. જ્યારે ટુ-વ્હિલરમાં સાયલેન્સર મોડી ફાયર કરનારા ૧૬૩ જેટલા વાહનચાલકો સામે કેસ કરી રૂ. ૧.૩૪ લાખનો દંડ કરવામાં આવ્યો હતો અને સાયલેન્સર મોડી ફાયરના સૌથી વધુ ૯૧ કેસ સામે આવ્યા હતા. જોકે શહેરના ઝોન-૫ના અમરાઈવાડી, બાપુનગર, નીકોલ, રામોલ, ઓઢવ, ખોખરા, ગોમતીપુર વિસ્તારમાં એક પણ કેસ કરવામાં આવ્યો નથી, જેથી પોલીસ કમિશનર જે તે વિસ્તારના ટ્રાફિક પોલીસ અધિકારીનો ખુલાસો પણ માગે તેવી શક્યતા છે. જો કે હજુ શહેરમાં ટ્રાફિક ડ્રાઈવ પૂર્ણ થઈ ન હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સુરતમાં ૭૦ લાખની કિંમતનો ગાંજો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરતઃ ગુજરાતના સુરત શહેરમાંથી રુ. ૭૦ લાખની કિંમતનો ૭૦૦ કિલોગ્રામ ગાંજો પોલીસે પકડ્યો હતો. મુંબઈ તરફ આવતા ટ્રકને પોલીસે અગાઉથી મળેલી માહિતીને આધારે કામરેજ પાસે અટકાવ્યો હતો. જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે ગાંજાનો મોટો જથ્થો મળ્યો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. તેમણે વધુ માહિતી આપી હતી કે આ ટ્રક કોઈ અરુણ નામની વ્યક્તિના નામે છે અને તે ઓરિસ્સાનો હોવાનું અનુમાન છે. ટ્રક અને જપ્ત કરેલા જથ્થાની કિંમત રુ. ૮૦ લાખ છે અને ગુનેગારને પકડવાની તજવીજ હાથ ધરી છે, તેમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ■